પરવાનેદારના દસ્તાવેજો, રેશનકાર્ડ ધારકોની તપાસ કરી કૌભાંડના મૂળ સુધી પહોંચવા કવાયત

અગાઉ પણ દુકાનનો વિડીયો વાયરલ થયો હતો, છતાં નામ પૂરતી કાર્યવાહી

K-40ની રેશનિંગની દુકાનમાં વ્યાપક ગેરરીતિનો મામલો પાટનગરમાં ગાજ્યો તવાઇ આવતા તપાસ શરૂ

સુરતઃકતારગામ ડભોલી વિસ્તારની બહુવગોવાયેલી K-40 સસ્તા અનાજની દુકાનની ગેરરીતિનું પાપ પાટનગરમાં પણ ગાજ્યુ છે. પાટનગરથી સુરત જિલ્લા પુરવઠા વિભાગમાં તપાસનો આદેશ આવતા હવે મોટાપાયે તપાસ શરૂ થઇ ગઇ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જરૂરિયાતમંદ પરિવારોને મફત રાશન આપવાની યોજના શરૂ કર્યા બાદ સુરત જિલ્લામાં તેમાં મોટપાયે ગોબાચારી બહાર આવી છે. વડાપ્રધાન મોદીએ ગરીબોના ઘરના ચૂલા સળગે અને તેમની જઠરાગનિ ઠરે તે હેતુસર આ યોજના લાગુ પાડી હતી. પરંતુ સરકારી સિસ્ટમ પેઘી પડેલી સુપર કરપ્ટ લોબીને કારણે ગરીબોના હકનું અનાજ બેરોકટોક કાળાબજારમાં વેચાઇ જાય છે. આવી જ એક ઘટના કતારગામની દુકાનમાંથી બહાર આવી છે. આ દુકાન ભૂતકાળમાં પણ ખૂબ બદનામ થયેલી છે. અને જે તે સમયે પુરવઠા વિભાગે મોટાપાયે ગેરરીતિ ઝડપી હતી. પરંતુ દાખલારૂપ કામગીરી નહિ થતા રેશિનીંગ માફિયાઓ બેલગામ બન્યા છે. સરકારી અનાજ ઊંચા ભાવમાં વેચાઈ રહ્યું હોવાના આક્ષેપો વચ્ચે આ બનાવ બીજી વખત સામે આવ્યો છે. અગાઉ પણ આ જ દુકાનનો ટેમ્પોમાં જથ્થો ભરાતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યારે તંત્ર દ્વારા માત્ર નામપુરતી કાર્યવાહી કરીને દુકાન ફરી શરૂ કરવામાં આવી હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી.

સ્થાનિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે જો અગાઉ ગેરરીતિ સામે આવી હતી તો કડક પગલાં કેમ લેવામાં આવ્યા નહીં? સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડિયો બાદ દુકાન સીલ થવાની અને લાયસન્સ રદ કરવાની માંગ ઉઠી હતી, છતાં થોડા સમય બાદ દુકાન ફરી ચાલુ થઈ ગઈ. આ કારણે તંત્રની કામગીરી પર શંકા ગાઢ બની રહી છે. K-40 દુકાનની માલિક હેમલતાબેનના પિતા ગુજરાત સસ્તા અનાજ દુકાન સંઘના પ્રમુખ રહી ચૂક્યા છે. તેનો લાભ લઈ "કોઈ અધિકારી તપાસ કરવા નહીં આવે"તેવી ડંફાસ મારાતી હોવાના આક્ષેપો ઉઠ્યા છે. ચર્ચા મુજબ આ પ્રભાવનો ઉપયોગ કરીને કેટલાક અધિકારીઓને સસ્પેન્ડ કરાવ્યા અથવા જિલ્લા બહાર બદલી કરાવી હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. જો આ દાવાઓમાં સત્યતા હશે તો તે તંત્ર માટે ગંભીર બાબત ગણાશે.

ગોડાઉન પરથી બે અન્ય દુકાનોના કટીંગ કરાયેલા જથ્થા પણ આ દુકાન પર મંગાવી અનાજ માફિયાઓને ઊંચા ભાવે વહેંચવામાં આવતા હોવાની શંકા છે. હવે અગાઉની જેમ માત્ર ઔપચારિક પગલાં નહીં, પરંતુ સમગ્ર નેટવર્ક સામે કડક કાનૂની કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે.

સંગઠિત નેટવર્ક દ્વારા રેશનિંગ દુકાનો પચાસ પચાસ લાખમાં ખરીદી અનાજ વગે કરે છે

સૂત્રોના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ગેરરીતિઓનું એક સંગઠિત નેટવર્ક સક્રિય છે. કહેવાય છે કે કે-40 દુકાનને એક સિન્ડીકેટ ચલાવી રહી છે. આ દુકાનમાં 1200 જેટલા રેશનકાર્ડ છે. જેનું અનાજ બારોબાર સિન્ડેકટ કરી રહેલા રેશનિંગ માફિયા કાળાબજારી કરતા હોવાની વ્યાપક ફરિયાદ છે. આ દુકાનનો આખો ભાગ 50 લાખમાં વેચાઇ પણ ગયો છે. અને પરવાનેદારને દર મહિને કમિશન આપવામાં આવે છે. રેશિનીંગની દુનિયામાં ભારે બદનામ થયેલા હિમાંશુ, નાકજી રબારી, રાહુલ, કૈલાશ પોટલા ઉર્ફે તેપ્પન અને કૈલાસ ટોપી, બાબુ નાગર સહિતના કેટલાક લોકોના નામ ચર્ચામાં આવ્યા છે. ગરીબોને મળવાનું અનાજ 'ચાઉ'કરીને કાળા બજારમાં વેચાઈ રહ્યું હોવાની ચર્ચાએ મુદ્દાને વધુ ગંભીર બનાવ્યો છે.કહેવાય છે કે ભૂતકાળમાં આ દુકાન સામે ફોજદારી પણ થાય તેવી સ્થિતિ ઉભી થઇ હતી. પરંતુ તે વખતે બાબુ નાગર સિફતપૂર્વક હયાતીમાં વારસાઇ કરાવી નીકળી ગયો હતો. આ પરવાનેદારના બે પેટ્રોલપંપ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સારી એવી જમીન પણ છે.

ગોડાઉનથી નીકળતી ગાડીઓનું જીપીસીએસ ટ્રેકિંગ કરાય તો જૂનાગામ ગોડાઉનના અનેક કૌભાંડ બહાર આવશે

જાણકારોના મતે નવગામ ગોડાઉન પરથી નીકળતી તમામ વાહનોના GPRS ડેટાની વિગતવાર તપાસ કરવામાં આવે તો વાસ્તવિક હકીકત બહાર આવી શકે છે. ક્યા દિવસે કેટલો જથ્થો કઈ દુકાન માટે મોકલાયો અને વાસ્તવમાં ક્યાં ઉતારાયો તેની ડિજિટલ ચકાસણી થવી જરૂરી ગણાઈ રહી છે.સરકાર અને પુરવઠા વિભાગ પાસે આ ચેક કરવા માટે સટીક વ્યવસ્થા છે. પરંતુ કરપ્ટ લોબીના ઇશારે આ તમામ વ્યવસ્થા અભરાઇ ઉપર ચઢાવી દેવાય છે.સુરત જિલ્લા પુરવઠા વિભાગમાં પણ એક રૂમ બનાવાયો છે. ત્યાંથી પણ સતત વોચ રાખવામાં આવે છે.પરંતુ આ કામગીરી માત્ર નાટક કે દેખાડાથી વિશેષ નથી. જેને કારણે નવાગામના ગોડાઉનમાંથી સરકારી અનાજ કાળાબજારીમાં નીકળી રહ્યુ છે.

ડિંડોલીમાં 4 ક્રેડિટ કાર્ડમાંથી બારોબાર 2.45 લાખ ઉપડી ગયા

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં રહેતા એક નોકરીયાત વ્યક્તિના ચાર ક્રેડિટ કાર્ડમાંથી રૂ. 2.45 લાખથી વધુની રકમ ગાયબ થવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ડિંડોલી ગેલેક્સી વિલ્લામાં રહેતા શ્રીનિવાસ કાંતૈયા રુદ્રા (ઉ.વ.54), મૂળ તેલંગાણાના નાલાગોંડા જિલ્લાના વતની છે અને હાલ સુરતમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તા. 17 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે 06:12 થી 07:58 વાગ્યા વચ્ચે તેઓ પોતાના ઘરે હાજર હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે તેમની જાણ બહાર તેમના મોબાઈલ અથવા ડિજિટલ એક્સેસનો દુરુપયોગ કરી ચાર અલગ-અલગ ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂ. 2,45,506.91 ઉપાડી લીધા હતા. તરત જ સંબંધિત બેંક તથા પોલીસને જાણ કરી હતી. ડિંડોલી પોલીસની પ્રાથમિક તપાસમાં મોબાઈલ હેકિંગ અથવા ફિશિંગ દ્વારા માહિતી મેળવાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ બનાવ અંગે ડિંડોલી પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઈન્સ્ટા પર મિત્ર બનેલા યુવકે ધમકી આપી કિશોરી પર બળાત્કાર ગુજાર્યો

પરિવારના સ્થળાંતર બાદ પણ પીછો ન છોડ્યો, ડિંડોલી પોલીસે યુવક સામે ગુનો નોંધ્યો

સુરતઃ શહેરના ડિંડોલી વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે શરૂ થયેલી ઓળખાણમાં આરોપીએ કિશોરીને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હોવાનો આક્ષેપ થયો છે.

ઉધના વિસ્તારના ભીમનગર આવાસમાં રહેતો ગોપાલ કૈલાશ સાવલી કિશોરીના સંપર્કમાં ઈન્સ્ટાગ્રામ મારફતે આવ્યો હતો. શરૂઆતમાં સામાન્ય વાતચીતથી શરૂ થયેલી ઓળખાણ ધીમે ધીમે મિત્રતામાં બદલાઈ હતી. આરોપી વારંવાર કિશોરી સાથે સંપર્કમાં રહેતો અને મળતો હતો. પરિસ્થિતિને ગંભીર માનતા કિશોરીના પરિવારજનો એ પોતાનું નિવાસસ્થાન બદલી ડિંડોલી વિસ્તારમાં રહેવા ગયા હતા. તેમ છતાં આરોપીએ કિશોરીનો પીછો છોડ્યો ન હતો. આરોપીએ ફરીથી સંપર્ક સાધી તેને મળવા માટે ડિંડોલી વિસ્તારમાં આવેલી એક હોટલમાં બોલાવી હતી. હોટલમાં પહોંચ્યા બાદ આરોપીએ કિશોરીને ધમકાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેના પર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. આ ઘટનાથી આઘાતમાં આવેલી કિશોરીએ ઘરે જઈ આખી ઘટના પોતાની માતાને જણાવી હતી. પરિવારજનોએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી ગોપાલ સાવલી સામે બળાત્કાર સહિતના ગંભીર ગુનાઓ હેઠળ કેસ દાખલ કર્યો છે. પોલીસે જણાવ્યું છે કે આરોપીને ઝડપી પાડવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને સમગ્ર મામલે સઘન તપાસ ચાલુ છે.

તાપી નદીમાંથી જળકુંભી દૂર કરવાની કામગીરી શરૂ

કોઝવે પર તાપી નદીમાં જળકુંભીનું પ્રમાણ વધતાં દુર્ગંધની સાથે મચ્છરો અને ગંદકીનું પ્રમાણ વધી ગયું હતું. આજથી સુરત મહાનગરપાલિકા દ્વારા આધુનિક ડી-વીડર મશીનો ઉતારીને જળકુંભી દૂર કરવાનું કામ શરૂ કરી દેવાઈ છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

સંક્ષિપ્ત સમાચાર

વનવાસી કુટુંબો માટે સ્વાધ્યાય પરિવારનો 'ન્યુટ્રિશન કિટ' વિતરણ કાર્યક્રમ

વડોદરાઃ 19 ફેબ્રુઆરીના રોજ મધ્ય અને દક્ષિણ ગુજરાતના તાપી, સુરત, નર્મદા, ભરૂચ, છોટા ઉદેપુર, મહીસાગર, પંચમહાલ અને દાહોદ જિલ્લાના વનવાસી કુટુંબોએ આ ન્યુટ્રિશન કિટ પ્રસાદ સ્વરૂપે સ્વીકારી હતી. દીકરો પિતાની કાળજી સ્વીકારે તેમ, શુદ્ધ, નિરપેક્ષ અને નિરાકાંક્ષ ભાવથી આવતો પ્રેમપ્રવાહ તેમણે અનુભવો. વડોદરા અને અમદાવાદના આશરે 4,000થી 5,000 ગામોમાં આ પ્રક્રિયા સતત ચાલી રહી છે. દાદાજીએ દર્શાવેલા માર્ગે અને તેમના સુપુત્રી જયશ્રી તલવલકર (દીદીજી)ના માર્ગદર્શન હેઠળ સ્વાધ્યાય પરિવાર પોષણ સાથે દૈવી સંબંધ બાંધે છે. અહીં 'આપવું' સહાય નથી, 'પ્રસાદ' છે–ભગવદસંબંધનો સ્પર્શ છે.

મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓનું જતન કરે તેને માણસ કહેવાય : પદ્મદર્શનસૂરિજી

નવસારી : માણેકલાલ રોડ સ્થિત શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયની બાજુમાં આવેલ ક્રિસ્ટલ પેલેસ એપાર્ટમેન્ટમાં માતૃશ્રી સીતાબેન કાંતિલાલ શાહ અનાવલવાળા પરિવારના ત્યાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ વૃંદના આચાર્ય બન્યા બાદ પ્રથમ વાર પગલાં ઢબૂકતા ઢોલ-નગારા સાથે ભવ્ય સામૈયુ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગુરુભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. અક્ષતથી નૂતન આચાર્યશ્રીનાં વધામણાં કરવામાં આવ્યા હતા. આ મંગલ અવસરે પ્રવચન પ્રસાદી પાઠવતાં પૂ. આચાર્ય શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, 'મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓનું જતન કરે તેને માણસ કહેવાય.'

સી.કે. પીઠાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલનું ગૌરવ

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સી. કે. પીઠાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, સુરતના M.Pharm સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થી રાઠોડ કુશલે યોગ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે વજ્રાસન યોગાસનમાં મહત્તમ નૌલી સ્ટ્રોક્સ કરીને India Book of Records માં પોતાનું નામ નોંધાવ્યું છે. કુલ 31 મિનિટ 50 સેકન્ડમાં સતત 25 રાઉન્ડમાં 1,681 નૌલી સ્ટ્રોક્સ પૂર્ણ કરીને તેમણે અદ્ભુત એકાગ્રતા, સંકલ્પશક્તિ અને શારીરિક ક્ષમતા પ્રદર્શન કરી છે. આ સિદ્ધિ બદલ નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટના પ્રેસીડેન્ટશ્રી મહેશભાઈ પીઠાવાલાએ તથા ટ્રસ્ટીશ્રીઓએ તેમને અભિનંદન પાઠવ્યા તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

ગોવર્ધનનાથજીની હવેલીમાં છપ્પન ભોગ મનોરથ

સુરતઃ ડુમસ રોડ,ગોવર્ધનનાથજી ની હવેલી માં રવિવાર, તા. ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬નાં રોજ બપોરનાં ૧૨ થી સાંજે ૬ વાગ્યા દરમ્યાન છપ્પન ભોગ મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે પત્રકાર પરિષદમાં માહિતી આપતાં ગોવર્ધનનાથજી ની હવેલી ના ટ્રસ્ટી હેમંત દેસાઈ, સંજય મહેતાએ જણાવ્યું હતું કે પુષ્ટિમાર્ગની સ્થાપના વલ્લભાચાર્યજી એ કરી હતી. તેમની સેવા પ્રણાલી ગુંસાઈજીએ નિર્ધારિત કરી હતી. આ પુષ્ટિ માર્ગમાં કૃષ્ણના બાળ સ્વરૂપ ની સેવા થાય છે. છપ્પન ભોગ એટલે ઠાકોરજીને અર્પણ થતો ૫૬ પ્રકારનાં વ્યંજનોનો ભોજન પ્રસાદ ભગવાન કૃષ્ણએ ગોવર્ધન પૂજા ના દિવસે જે ભોગ સ્વીકાર્યો હતો તેની યાદમાં આજે પણ છપ્પન ભોગની પરંપરા મનાવવામાં આવે છે.

સ્વરાજ્ય રક્ષક યુવા સંગઠન દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની જયંતીની ઉજવણી

સુરતઃ હિન્દવી સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજ ની 396મી જન્મજયંતી નિમિત્તે સ્વરાજ્ય રક્ષક યુવા સંગઠન દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય અને ધાર્મિક માહોલમાં શિવજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. સંગઠન દ્વારા સ્થાપિત મૂર્તિ પર દરરોજ પુષ્પહાર અર્પણ કરવામાં આવે છે. શિવજયંતિના પાવન દિવસે પરંપરાગત વિધિ મુજબ દૂધ અભિષેક તથા પંચામૃતથી મહારાજની પૂજા કરવામાં આવી. ત્યારબાદ મૂર્તિને પુષ્પહાર અર્પણ કરી "જય ભવાની - જય શિવાજી" ના ગુંજતા નારાઓ સાથે શિવાજી મહારાજનો ગૌરવશાળી ઇતિહાસ લોકો સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

સંસ્કૃતમાં 100% રજિસ્ટ્રેશન સાથે જે.બી. એન્ડ કાર્પ વિદ્યાસંકુલ રાજ્યમાં પ્રથમ

સુરતઃ ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલના ધોરણ-૧૦ના ૧૦૭૪ વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષય સાથે બોર્ડ પરીક્ષામાં 100 ટકા રજિસ્ટ્રેશન નોંધાવી સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાને રૂપિયા 1,75,000ની પ્રોત્સાહક રાશી એનાયત કરવામાં આવી હતી.

૬૫૩૬ વિદ્યાર્થીઓ સાથે ૨૭ શાળાનો સંસ્કૃતનો રાજ્ય સ્થળે અનોખો રેકોર્ડ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓનો વધતો ઝુકાવ એક સકારાત્મક સંકેત તરીકે સામે આવ્યો છે. ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષયનો અભ્યાસ કરતા હોય તેવી સુરતની ૨૭ માધ્યમિક શાળાઓએ રાજ્ય સ્તરે અનોખો રેકોર્ડ સર્જ્યો છે. રાજ્ય સરકારની સંસ્કૃત ભાષા પ્રોત્સાહન યોજના હેઠળ આ શાળાઓને કુલ રૂ. ૧૪.૫૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. રાજ્યભરમાં કુલ ૨૨૧ શાળાઓ એવી છે જ્યાં તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે છે, જેમાં સુરત જિલ્લાનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. સુરતની આ ૨૭ શાળાઓમાંથી કુલ ૬૫૩૬ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે બોર્ડ પરીક્ષા આપવાના છે, જે શહેર માટે ગૌરવની વાત ગણાય છે. સંસ્કૃત ભાષાના સંરક્ષણ અને પ્રસાર માટે રાજ્ય સરકારે ગત વર્ષે પ્રોત્સાહન યોજના અમલમાં મૂકી હતી. આ યોજના અંતર્ગત સંસ્કૃત વિષયમાં ઉત્તમ કામગીરી કરનાર શિક્ષકો અને આચાર્યોને ગાંધીનગર ખાતે આયોજિત વિશેષ સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષકોના સમર્પણ અને માર્ગદર્શનને કારણે જ સંસ્કૃત વિષય પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ વધ્યો હોવાનું માનવામાં આવે છે. મળેલી ગ્રાન્ટનો ઉપયોગ શાળાઓમાં સંસ્કૃત શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવશે.

કોર્પોરેટરની પુત્રીને ડરાવનાર નઈમ રિફાઈના પુત્રની ધરપકડ

કોર્પોરેટરની દીકરી પર હુમલા બાબતે કેનેડામાં પણ સ્ટોર માલિકે ફરિયાદ કરી છે

મજૂરના મોબાઇલથી બિલ્ડર જૂના વિવાદમાં કોર્પોરેટરના પતિને ધમકી ભર્યા મેસેજ કરતો હતો

બે વખત કરેલી લાલગેટ પોલીસમાં કરેલી અરજી દફતરે થઇ ગઇ હતી

સુરતઃ સૈયદપુરા વોર્ડ નંબર ૧૨ની મહિલા કોર્પોરેટર હેમલતાબેનના પતિને છેલ્લાં બે વર્ષથી અજાણ્યા નંબરથી ફોન આપી ખરાબ થશે તેવા શાર્પ ધમકી આપતા હોય તેવા વોટ્સએપ મેસેજ મોકલી આપવામાં આવતી યાતના વચ્ચે કેનેડામાં અભ્યાસ કરતી પુત્રી પર બે વખત હુમલા અને ટક્કર મારી કચડી નાંખવાની કોશિશથી થડકી ઉઠેલું પરિવાર સાયબર ક્રાઈમ પોલીસમથકે ફરિયાદ નોંધાવવા પહોંચ્યું હતું. આ કેસમાં પોલીસે પૂર્વ કોર્પોરેટર નઈમુદ્દીન રિફાઈનાં બિલ્ડર પુત્ર અશફાક ઉપયોગ કરતો હોવાનું બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી છે.

૫૫ વર્ષીય ભૂપેન્દ્રભાઈ રાવતકા પર (રહે., સૈયદવાડા, શાહપોર) ગત ૧૮મીના રોજ ૨૮મી ઓગસ્ટ-૨૩માં અજાણ્યા નંબર પરથી વોટસએપ મેસેજ આવ્યો હતો, જેમાં બીભત્સ મેસેજ લખવામાં આવ્યા હતા. સતત મેસેજ કરી ભૂપેન્દ્ર ભાઈને બે વર્ષથી ત્રાસ આપવામાં આવતો હતો. આ વચ્ચે કેનેડા અભ્યાસ કરવા ગયેલી ભૂપેન્દ્રભાઈની દીકરી પર બે વખત કામના સ્થળે હુમલો થયો હતો તેમણે બે વખત કરેલી લાલગેટ પોલીસમાં કરેલી અરજી દફતરે થઈ ગઈ હતી.

આખરે તેમણે ગૃહમંત્રીને મળતા મામલો સાયબર સેલને સોંપવામાં આવતા સાયબર સેલે તપાસ કરી સીમકાર્ડ જેના નામે ગોધરાના વ્યક્તિની પૂછપરછ કરવામાં આવી હતી. તેના નિવેદનથી નાણાવટ વિસ્તારના અને પૂર્વ કોર્પોરેટર નઈમુદ્દીન રિફાઈનાં બિલ્ડર પુત્ર હોવાનું બહાર આવતા તેને નોટિસ આપવામાં આવી હતી.

આજે નોટિસ આધારે સાયબર સેલમાં હાજર થતાં પોલીસે મોહંમદ અસ્ફાક નઈમુદ્દીન રીફાઇ (ઉ.વ.૩૭, રહે., વરિયાવી બજાર, સુરત)ની ધરપકડ કરી આ કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

૫૦૦ રૂપિયામાં મજૂર પાસે સિમકાર્ડ લીધો હતો

બે વર્ષથી કોર્પોરેટરના પતિને અને દીકરીને સતત ત્રાસ આપનાર તેમના જ વિસ્તારનો બિલ્ડર નીકળ્યો છે. તેની ધરપકડ બાદ પોલીસ સમક્ષ રટણ કર્યું હતું કે તેણે અગાઉની માથાકૂટને લઈ ભૂપેન્દ્રભાઈને મેસેજ કરી ધમકાવવા નક્કી કરી મજૂર પાસેથી પૈસા બાકી નીકળતા તેનો નંબર જોઈ ફોન નથી ઉડતા તે બહાને તેમને ફોન કરવા મજૂરનો નંબર ૫૦૦ રૂપિયામાં ખરીદી કર્યો હતો. જે બાદ એક મોબાઈલ સેકન્ડમાં ખરીદી ધમકીઓનો માર શરૂ કર્યો હતો.

કોર્પોરેટર ની દીકરી પર કેનેડામાં હુમલો કર્યો ત્યારે બિલ્ડર પણ કેનેડામાં હતો ?

ભૂપેન્દ્રભાઈને સતત મજૂરના નંબરથી વોટ્સએપ પર ત્રાસ આપતા તેમણે લાલગેટ પોલીસમાં અરજી કરતાં તેણે મેસેજ કરવાનું બંધ કરી દીધું હતું. પણ તેમની દિકરી કેનેડા અભ્યાસ કરવા ગઈ તો ફરી અભિનંદન સાથે મેસેજ કરી તેમની દીકરીની ડિટેલ સાથે ભૂપેન્દ્રભાઈને મેસેજ આવતા તે ચોંકી ઊઠ્યા હતા. પોલીસ તપાસમાં બિલ્ડર મોહંમદ અસ્ફાક રઇફનું નામ આવતા ભૂપેન્દ્રભાઈ તપાસ કરતાં દીકરી પર ૨૭/૭/૨૦૨૫માં સ્ટોર પર સ્પ્રે મારી હુમલો થયો અને જે બાદ ૮માં મહિનામાં પથ્થરમારો કરી ડરાવવાનો પ્રયાસ કર્યો, તે બંને મહિનામાં તે કેનેડામાં હોવાનું ભૂપેન્દ્રભાઈને જાણ થઈ હતી. જેથી આ મામલે પોલીસ મોહંમદ અસ્ફાકની ટ્રાવેલ હિસ્ટ્રી ચેક કરી વધુ તપાસ કરશે. ભૂપેન્દ્રભાઈની દીકરી પર હુમલા મામલે કેનેડાના સ્ટોર કીપરે પણ સ્થાનિક પોલીસમાં ફરિયાદ કરી છે. જેની પણ સાયબર સેલ પોલીસ સંપર્ક કરી ઊંડાણપૂર્વક તપાસ કરશે.

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પણ આજથી 'ઉડાન કેફે'ની સુવિધા

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉડાન કેફે (Udan Cafe) ની સુવિધા આજથી શરૂ થવા જઈ રહી છે, જે એરપોર્ટ પર મુસાફરોને સસ્તી ખાણી-પીણીની સુવિધા પૂરી પાડશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ, કોઈમ્બતુર એરપોર્ટથી ઓનલાઈન સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત દેશના બીજા એરપોર્ટ પર આ સુવિધાનો પ્રારંભ કરાવશે.

ઉડાન કેફે એ એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા સંચાલિત એક પહેલ છે, જેનો હેતુ મુસાફરોને પોસાય તેવા ભાવે ગુણવત્તાયુક્ત ખોરાક અને પીણાં પૂરા પાડવાનો છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચેક ઈન એરિયામાં ઉડાન કેફેમાં પ્રારંભિક તબક્કે 10 રૂપિયામાં ચા, પાણીનો બોટલ, 20 રૂપિયામાં કોફી, એક નંગ સ્વીટ્સ અને નાસ્તામાં એક નંગ સમોસા મળશે. ચેક ઈન એરિયામાં આ કેફે સ્થાપિત થવાથી એરપોર્ટ પર પ્રવેશ સાથે જ મોટી સંખ્યામાં પેસેન્જરોને આ સુવિધાનો લાભ મળશે. જેને લીધે એરપોર્ટની અંદર ચા, કોફી, વસ્તુઓનો જે આડેધડ ભાવ વસૂલવામાં આવે છે, એમાંથી પેસેન્જરોને મુક્તિ મળશે.

શૌચાલયોમાં દુર્ગંધ, પ્લેટફોર્મ પર કચરાના ઢગ, ગંદકીનું સામ્રાજ્ય

સફાઇ માટે કરોડો ચૂકવાય છે, છતાં સુરત ST ડેપો પર બદતર ગંદકી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હોમ ટાઉનમાં જ બેદરકારી પર સવાલ

સુરતઃ મુસાફરોની સુવિધા અને સ્વચ્છતા માટે કરોડો રૂપિયાનું બજેટ ખર્ચનાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસટી) ના સુરત ડેપો ની હાલત અત્યારે 'દીવા તળે અંધારું' જેવી બની ગઈ છે. કાગળ પર આધુનિક અને એસી સુવિધાસભર ગણાતા ડેપોમાં હકીકતમાં ગંદકી, દુર્ગંધ અને બેદરકારી નું સામ્રાજ્ય છવાયેલું જોવા મળી રહ્યું છે. સરકાર દ્વારા રાજ્યના ડેપોની સફાઇ માટે કરોડો ચૂકવવામાં આવે છે છતાંય ડેપો પર નજર ફેરવતા જ વાસ્તવિકતા સ્પષ્ટ થઈ જાય છે. શૌચાલયોમાં અસહ્ય દુર્ગંધ, પ્લેટફોર્મ પર કચરાના ઢગલા, ધૂળની ડમરીઓ અને ગંદા વેઈટિંગ એરિયા અને પીવાના પાણીના સ્ટોલ નજીક ગંદકી જોવા મળે છે. મુસાફરોના મતે, "ભાડામાં વધારો થાય છે, પણ સુવિધા ક્યાં છે?" એવો સવાલ ઉઠી રહ્યો છે. સુરત નાયબ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર ખાતુ પણ જેમની પાસે છે તે હર્ષ સંઘવીનું હોમટાઉન છે. તેમ છતાં અહીં જ ડેપો ની હાલત ખખડધજ જોવા મળતા લોકોમાં આશ્ચર્ય છે.

લાખો રૂપિયાનાં આધુનિક મશીનો 'ભંગારમાં'?

ડેપોમાં આધુનિક મશીનો દ્વારા મિકેનાઈઝ્ડ ક્લીનિંગ કરવાની જોગવાઈ છે. પરંતુ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી સ્થળ પર મેન્યુઅલ સફાઇના નામે માત્ર દેખાવ પૂરતી કામગીરી કરવામાં આવે છે. પરિણામે કરોડોના ખર્ચે બનાવાયેલા ડેપોની સુંદરતા અને સ્વચ્છતા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

અધિકારીઓને ગંદકી કેમ દેખાતી નથી

સૌથી મોટો સવાલ એ છે કે જવાબદાર અધિકારીઓને આ બેદરકારી દેખાતી નથી? સ્થાનિક સ્તરે નિરીક્ષણ અને મોનીટરીંગ ની વ્યવસ્થા હોવા છતાં કોઇ કડક કાર્યવાહી થતી નથી. મુસાફરોમાં ચર્ચા છે કે ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને બેદરકાર અધિકારીઓની મીલીભગતને કારણે જ સ્થિતિ યથાવત રાખવામાં આવી રહી છે.

સી.ડી. ટ્રાન્સપોર્ટનું કૌભાંડ મનપાનો કેડો મૂકતું નથી

'સ્વચ્છતા સુપર લીગ'માં સ્થાન મુદ્દે વડાપ્રધાનને રજૂઆત

સી.ડી. ટ્રાન્સપોર્ટનું અટકાવાયેલું કરોડોનું પેમેન્ટ રીલીઝ કરવા 'એજન્ટો' કૂટી નીકળ્યા, રાજકીય દબાણનો પણ પ્રયાસ

સુરતઃ મનપાના તંત્રવાહકોને શરમજનક સ્થિતિમાં મુકનાર ખજોદ કચરા ડિસ્પોઝલ સાઇટના ઈજારદાર સી.ડી. ટ્રાન્સપોર્ટનું કચરા કૌભાંડ મનપાનો કેડો મુકતું નથી. સ્વચ્છ ભારત